શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

રાજ્ય પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રીની કચેરી
ગુજરાત કાઉન્સીલ ઓફ એલીમેન્ટરી એજ્યુકેશન
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર
ફોન : 079-23243133
ફેકસ : 079-23232436
હેલ્પલાઈન નં. : 1800-233-7965
ઈમેઈલ : dpepgujarat@yahoo.com
વેબસાઈટ : www.ssamgujarat.org

ક્રમાંક : એસએસએ/આરએન્ડઈ/૨૦૧૩/ ૧૦૭૩૧-૭૫૦ તા. ૦૩/૦૫/૨૦૧૩

**પ્રતિ**
**જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
**જિલ્લા : તમામ**
**શાસનાધિકારીશ્રી,**
**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**
**મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા**

**વિષય : ઉચા ડ્રોપ આઉટ ધરાવતી શાળાઓની જાત તપાસ કરવા બાબત.**
**સંદર્ભ : માન.એસ.પી.ડી.શ્રીની નોંધ પરની સૂચના તાઃ ૨૯/૪/૨૦૧૩**

**શ્રીમાન,**

ઉપર્યુકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું માન. મુખ્ય સચિવશ્રી સાથેની તા : ૩/૪/૨૦૧૩ના રોજની બેઠક અન્વયે તેઓશ્રી તરફથી સૂચના મળેલ હતી કે જે શાળાઓમાં ડ્રોપઆઉટ વધારે રહેતો હોય તે શાળાઓની તપાસ કરવી તથા ત્યાં વૈજ્ઞાનિક ઢબે સર્વે કરી ઉચા ડ્રોપ આઉટના કારણો શોધી ઉપાયો સૂચવવા.

આ ગંભીર બાબતે આપનું ખાસ ધ્યાન દોરવાનું કે સામાન્ય રીતે સી.આર.સી., બી.આર.સી.ની નિમણૂક ટોટલ એનરોલમેન્ટ, ડ્રોપ આઉટ તથા ગુણવત્તા માટે થયેલ છે. તેથી, જયાં ડ્રોપ આઉટ વધારે હોય તે શાળાઓ પ્રત્યે તેઓએ તકેદારી રાખેલ નથી. તથા આપનુ કે આ કચેરીનું ધ્યાન દોરેલ નથી. આ ઘણી ગંભીર બાબત ગણાય.

આ કચેરીએ ડાયસના આધારે આપના જિલ્લાની જે શાળાઓમાં ડ્રોપ આઉટ વધારે હોય તે શાળાઓની યાદી આ સાથે સામેલ છે. તેને ધ્યાને લઈ જે તે શાળાના સી.આર.સી.ને રૂબરૂ મોકલી તપાસ કરાવવાની રહે છે. સી.આર.સી. ઉચા ડ્રોપ આઉટ ધરાવતી શાળામાં જઈ શાળાના મુખ્ય શિક્ષક સાથે મળીને રૂબરૂ જાત તપાસ કરે, શા માટે ડ્રોપ આઉટ વધારે છે. તેના કારણો શાળા વાઈઝ આપે તથા તેના ઉપાયો પણ શાળા વાઈઝ સૂચવે પોતાની તથા જે તે શાળાના મુખ્ય શિક્ષકની સહી લે. તથા અત્રે રિપોર્ટ કરે.

સદરહુ, રિપોર્ટ તાત્કાલિક આપવાનો રહેશે. સ્પષ્ટ તથા ચોકસાઈ પૂર્વક રિપોર્ટ આપવાનો રહેશે. કારણ કે એકાદ માસ પછી માન. મુખ્ય સચિવશ્રી સાથેની બેઠકમાં આ માહિતી રજૂ કરવાની છે. તેથી આ માહિતી અત્રેની કચેરી ની **આરએન્ડઈ શાખામાં** મોકલી આપવી.

**<u>પત્રક</u> :**

શાળાનું નામ :
ગામનું નામ :
તાલુકો :
જિલ્લો :
શાળાની ડ્રોપ આઉટ ટકાવારી વિગતે :
ડ્રોપ આઉટ થવાના કારણો :
ઉપાયો :
સહીઓ :

**ઓ.આઈ.સી.– આરએન્ડઈ**
**એસ.એસ.એ, એસ.પી.ઓ.**
**ગાંધીનગર**

www.shixan.in